ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૯/૨૧–૨૨/ ૪૧૧ તારીખ : 09 MAR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જાહીર હુસેન અલ્લાદીન,**
**ગુરૂકુળ સામે, વાડીમાં**
**મું. પાલીતાણા–૩૬૪ ૨૭૦,**
**જી.ભાવનગર.**

કેસ નં.૬૯/૨૧–૨૨

**મો.નં–૮૩૪૭૮૩૧૬૫૬**

**વિષય : અમારી માલીકીની જગ્યામાં અમારી મંજૂરી વગર ભાડૂત ને લોડ વધારો ન કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૧૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૮/૧૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૧–૨૨/૩૭૩૬ તા.૧૮/૧૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૧–૨૨/૪૩૩ તા.૦૫/૦૨/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૧–૨૨/૫૫૯ તા.૧૮/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **પાલીતાણા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૯/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી જાહિદહુસેન અલ્લાદીન,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી જાહિદહુસેન અલ્લાદીન (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એમ. ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જાહિદહુસેન અલ્લાદીન, મું.પાલીતાણા, જી.ભાવનગર ની અમારી માલીકીની જગ્યામાં અમારી મંજૂરી વગર ભાડૂત ને લોડ વધારો ન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૯/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૯/૨૧–૨૨/૩૭૩૬ તા.૧૮/૧૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૦૨/૨૦૨૨ તથા તા.૨૩/૦૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ** વાદી પોતે શ્રી જાહિદહુસેન અલ્લાદીન હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે **શ્રી એચ.એમ. ભોજાણી,** કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર દ્વારા કાર્યપાલક ઈજનેર–પાલીતાણા ને અગાઉ લેખિત પત્રથી અમારા નામે લોડ વધારો કે કોઈ વધારાનું કનેકશન ન રીલીઝ કરવા જાણ કરેલ છે. આ વાંધા અરજીમાં જણાવેલ છે કે, અમારી ભૈરવનાથ મંદિર પાછળ ની મિલ્કતમાં અમારા ભાડૂઆત ભાવનગર ડિસ્ટ્રીકટ કો–ઓપ. બેન્ક દ્વારા લોડ વધારાની અરજી કરેલ છે જે અરજમાં અમારા નામે કનેકશનની માંગણી કરેલ છે. જયારે, અમો મકાન માલિકી ની કોઈ પણ જાતની લેખિત કે મૌખિક મંજૂરી ભાડૂઆતે લીધેલ નથી. જેથી અમારા નામથી લોડ વધારો ન આપવો. આ રીતની એક વાંધા અરજી આપની પાલીતાણા કચેરીના કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ કચેરીને આપેલ છે. તેમ છતાં, આપની

પાલીતાણા કચેરી દ્વારા ગેરકાયદેસર રીતે ભાડૂઆત દ્વારા અમારા નામે માંગવામાં આવેલ લોડ વધારાને મંજૂર કરીને ભાડૂઆત ને વધારાનો લોડ વધારો આપી દેવામાં આવેલ છે અને અલગથી વધારાની સુવિધા કરી આપેલ છે. જે ગેરકાયદેસર કૃત્ય કરેલ છે.

૧.૨ સદર કેસ બાબતના આધાર પુરાવા પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા માંગવામાં આવતા અમો મકાન માલિકે ભાવનગર ડિસ્ટ્રીકટ કો–ઓપ બેન્ક લી.પાલીતાણા ને અમારી ઉપરોકત મિલ્કત ને ભાડે આપેલ તેના ભાડા કરારની ઝેરોક્ષ નકલ આપેલ છે. આ ભાડા કરારમાં અમો મકાન માલિક ની લેખિત મંજૂરી વગર કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવી નહી. આ મકાન ને કોઈ પણ નુકશાન થાય તેવું કરવું નહી. આ જગ્યામાં મકાન માલિકની પરવાનગી લીધા સિવાય કોઈપણ જાતનો ફેરફાર કે સુધારો વધારો ભાડૂઆત થી થઈ શકે નહી.

૧.૩ ઉપરોકત તમામ શરતોનો ભંગ કરીને મકાન માલિક ને અંધારામાં રાખીને ભાડૂઆતે વિજ કંપની સાથે પણ ચીટીંગ કરેલ છે. જેથી, વહેલી તકે આ વિજ વધારો રદ કરીને પાછો ખેંચવો જોઈએ.

૧.૪ અમારા ભાડૂઆત ને આપની કંપની દ્વારા મોકલાવેલ નવેમ્બર–૨૦૨૧ ના બિલ ઉપરથી સાબિત થાય છે કે, વિજ કનેકશન અમારા નામે જાહીદહુસેન અલ્લાદિન જેનો ગ્રાહક નં–૩૭૪૦૧૦૦૦૭૬૮ થી ચાલે છે અને અમારા નામે જ વિજ બિલ આવે છે. જેથી, અમારી લેખિત પરવાનગી વગર આપની કંપની દ્વારા અમારા ભાડૂઆત ને લોડ વધારો કરી આપેલ છે. જે ગેરકાયદેસર કૃત્ય હોય, વહેલી તકે કંપની દ્વારા અમારા ભાડૂઆત ને આપેલ વિજ લોડ વધારો પરત લેવા દાદ માંગવામાં આવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી જાહિદહુસેન અલ્લાદીન ને ગ્રાહક નં–૩૭૪૦૧/૦૦૦૭૬/૮ C/O ડિસ્ટ્રીકટ બેંક, જુનું બસ સ્ટેન્ડ, પાસે કનેકશન છે. સદર જગ્યા પર ભાવનગર ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક ચાલે છે.

૨.૨ સદર વિજ જોડાણ માટે લોડ વધારવા માટે તા.૦૧/૦૩/૨૦૨૧ ના રોજ અરજી કરવામાં આવેલ. સદર વિજ જોડાણની કનેકશન લગાવ્યા તા. ૦૨/૧૨/૨૦૦૩ હોય, સદર વિજ જોડાણ ના જુના કેસ પેપર શોધતા મળેલ નહી.

૨.૩ જેથી, તમામ જરૂરી દસ્તાવેજી પુરાવા ફરીથી નવા મંગાવી ગ્રાહકની લોડ વધારાની ફાઈલ અત્રેની કચેરીમા પ્રિ– ઓડિટ માટે મોકલાવેલ. સદર ફાઈલ પ્રિ–ઓડિટ થઈને વિભાગીય કચેરી ના જાવક નં–૧૬૫૬ તા.૧૮/૦૩/૨૦૨૧ થી પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરીમાં મોકલતા તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ ગ્રાહકનું રજીસ્ટ્રેશન કરી નિયમ અનુસાર અંદાજપત્ર આપેલ. જે ભરપાઈ કરતા ફાઈલને પોસ્ટ ઓડિટ માટે મોકલેલ. જેમાં, ટેકનીકલ ક્ષતિઓ દૂર કર્યા બાદ વિજ જોડાણ લગાવવા જણાવેલ. જે પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા દૂર કરવામાં આવેલ.

૨.૪ ત્યારબાદ, સદર ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ ન હોય, ટી.એમ.એન નોટીસ આપેલ અને સદર નોટીસ નો સમય પૂર્ણ થતા, સદર લોડ વધારો અન કનેકટેડમાં રીલીઝ કરવામાં આવેલ. ત્યારબાદ, ગ્રાહક દ્વારા તા.૧૭/૧૧/૨૦૨૧ ના રોજ ટેસ્ટ રીપોર્ટ રજૂ કરતાં, સદર લોડ વધારા માટે તા. ૧૮/૧૧/૨૦૨૧ ના રોજ મીટર લગાવી લોડ વધારો કરવામાં આવેલ.

Consumer Grievances Redressal Forum PGVCL Bhavnagar

૨.૫ વધુમાં જણાવવાનું કે, સદર જોડેલ ફાઈલના દસ્તાવેજી પુરાવામાં વેરા પહોંચમાં ડ્રીસ્ટ્રીકટ બેંક નું નામ છે અને જોડેલ ગ્રાહક ના બિલમાં પણ C/O ડિસ્ટ્રીકટ બેંક લખેલુ છે. તથા આપ સાહેબને જણાવવાનું કે, સદર જગ્યા પર કોર્ટ કેસ ચાલુ છે. આમ, સદર જગ્યા વિવાદીત છે.

૨.૬ આવા જ એક કોર્ટ કેસ પેન્ડીગ વાળા કેસમાં હાલમાં જ ઓમ્બુડસમેન્ટ દ્વારા ગ્રાહકને કનેકશન આપવા માટે નો ઓર્ડર કરેલ. જેનો કેસ નંબર–૭૪/૨૦૨૦ તથા ઓર્ડર નં–૭૪/૨૦૨૦/૧૮૪ તા.૧૩/૦૭/૨૦૨૧ છે. જે આપ સાહેબની જાણ સારૂં અને યોગ્ય કાર્યવાહી સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીના ભાડૂઆત દ્વારા વાદીશ્રી ની સંમતિ કે બાંહેધરી લીધા વગર તા.૨૦/૦૩/૨૦૨૧ ના રોજ લોડ વધારાની અરજી કરેલ છે.

૩.૨ વાદીના ભાડૂઆત દ્વારા તા.૦૩/૦૫/૨૦૨૧ ના રોજ ફર્મ કવોટેશન ભરપાઈ કરી આપેલ છે અને બિલીંગ માં લોડ વધારો કરી આપેલ છે.

૩.૩ વાદીના ભાડૂઆત બેંકની શાખા હોવાથી, ગ્રાહકોની સુખાકારી અને ઉતમ બેંકીંગ સગવડો પૂરી પાડવાના હેતુ સબબ સદર લોડ વધારો માંગવામાં આવેલ છે. જે બેંક ના આસીસ્ટન્ટશ્ર મેનેજરશ્રી દ્વારા પત્ર નં–૬૩૧૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ પાલીતાણા ટાઉન પેટા વિભાગીય કચેરી ને જાણ કરેલ છે.

૩.૪ દસ્તાવેજી પુરાવા ને ઘ્યાને લેતાં, વેરા પહોંચમાં ડિસ્ટ્રીકટ બેંક નું નામ છે અને વિજ બિલ માં પણ C/O માં ડિસ્ટ્રીકટ બેંક નું નામ લખેલ છે.

૩.૫ વાદી અને ભાડૂઆત વચ્ચે નામદાર કોર્ટમાં દાવો હાલ ચાલુ છે. આથી, નામદાર કોર્ટના હુકમ અનુસાર કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે અને ભાડૂઆત જાહેર સંસ્થા હોય લોડ ઘટાડો ન કરી, મૂળ સ્થિતિ જાળવી રાખવા જણાવવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અઘ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૩/૦૨/૨૦૨૨.